વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પુલ યોજના બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૪/NB-૧૭૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૬/૧૨/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૦-૨૧/૧૨૭૬ તથા તા.૧૩/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૦-૨૧/૨૨૩૮

**આમુખઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી વિચરતી અને વિમુકત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને રૂ.૪૦,૦૦૦/- લેખે સહાય આપવા ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા માટેની યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાનું અમલીકરણ સરળ અને સક્ષમ રીતે થઇ શકે તેમજ ઉત્તમ પ્રકારની આવાસીય સુવિધા તથા શૈક્ષણિક સુવિધાઓ વધુમાં વધુ નબળા અને પછાતવર્ગના વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપી શકાય તે માટે યોજનાની હાલની જોગવાઇઓમાં જરૂરી સુધારા કરવા અંગે નિયામકશ્રી(વિ.જા.ક.)એ વંચાણે લીધા ક્રમાંક (૨) ના પત્રોથી દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવની શરતોમાં નીચે મુજબના સુધારા કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૧ | મુદ્દા નં. (૨) (અ)<br><br>વિચરતી અને વિમુકત જાતિના ધોરણ-૧૦માં પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા ગોઠવીને તેમાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવીને મેરીટમાં આવનાર ૫૦ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ પસંદ કરેલી શાળાઓમાં પ્રવેશ આપવાનો રહેશે. | વિચરતી અને વિમુકત જાતિના કુલ જોગવાઇ પૈકી ધોરણ-૧૦ ના ૫૦% વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ ની ટકાવારીના મેરીટના ધોરણે ધોરણ-૧૧ માં ટેલેન્ટ પૂલ શાળા પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે. વિદ્યાર્થીઓની અરજીઓના આધારે નિયામકશ્રીને ૧૦ ટકા વધ-ઘટ કરવાની સત્તા રહેશે. |
| ૨ | મુદ્દા નં. (૨) (બ)<br><br>પ્રાથમિક શાળામાં ધોરણ-૫ ની પરીક્ષામાં પ્રથમ કે દ્વિતિય સ્થાને ઉતીર્ણ થયેલ વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓ કે જેમણે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ તરફથી લેવાતી રાજ્ય કક્ષાની પ્રવેશ માટેની સંયુક્ત પરીક્ષા અગ્રતાક્રમે પાસ કરી હોય તેઓ અગ્રતાના ધોરણે પસંદગી પામેલ શાળાઓમાં પ્રવેશ માટે પાત્ર ગણાશે. | વિચરતી અને વિમુકત જાતિના કુલ જોગવાઇ પૈકી ધોરણ-૫ ના ૫૦% વિદ્યાર્થીઓને ધોરણ-૫ ની ટકાવારીના મેરીટના ધોરણે ધોરણ-૬ માં ટેલેન્ટ પૂલ શાળા પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે. ધોરણ-૬માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ સુધી રીન્યુઅલ ગણવામાં આવશે.<br><br>ધોરણ-૧૧થી વિદ્યાર્થીઓએ નવા વિદ્યાર્થી તરીકે ફરીથી અરજી કરવાની રહેશે. વિદ્યાર્થીઓની અરજીઓના આધારે નિયામકશ્રીને ૧૦ ટકા વધ-ઘટ કરવાની સત્તા રહેશે. |
| 3 | મુદ્દા નં. ૨ (ક) | વિદ્યાર્થીએ પ્રથમ વખતના પ્રવેશ સમયની ટકાવારી દરેક શૈક્ષણિક વર્ષને અંતે જાળવી રાખવાનો પ્રયત્ન કરવાનો રહેશે તેમજ |

| | | |
|---|---|---|
| | દરેક શૈક્ષણિક વર્ષને અંતે વિદ્યાર્થીએ લઘુતમ ૬૦ ટકા માર્કસ સાથે ઉતિર્ણ થવાનું રહેશે અને શાળાના નિયમો મુજબની હાજરી આપવાની રહેશે. | ઉતીર્ણ થવાનું રહેશે અને શાળાના નિયમો મુજબની હાજરી આપવાની રહેશે. |
| ૪ | મુદ્દા નં. (૨) (૬)<br><br>જે વાલીની વાર્ષિક આવક રૂ. ૨ લાખ સુધીની હોય તેમના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.<br><br>જે વાલીની વાર્ષિક આવક રૂ. ૨ લાખથી ૩ લાખ સુધીની હોય અને તેઓ આ યોજનામાં જોડાવા માંગતા હોય તો તેઓએ આ યોજનામાં થનાર ખર્ચના ૫૦ ટકા રકમ પોતે ભોગવવાની રહેશે. | જે વિદ્યાર્થીના પિતા/વાલીની આગળના વર્ષની વાર્ષિક આવક રૂ. ૨.૦૦ લાખ સુધીની હોય તેમના બાળકોને આ યોજનાનો લાભ આપી ઉત્તમ આવાસીય સુવિધા વાળી શાળામાં પ્રવેશ પાત્ર ગણીને લાભ આપવાનો રહેશે. |
| ૫ | મુદ્દા નં. (૩) ના પ્રથમ પેરેગ્રાફ મુજબ ટેલેન્ટ પુલ માટે પસંદ કરવામા આવેલ શાળા નિવાસની સુવિધાવાળી, ઉત્તમ ગુણવત્તાવાળી અને શહેરી વિસ્તારમાં આવેલી હોવી જોઇએ | ટેલેન્ટ પુલ માટે સમગ્ર રાજ્યમાંથી શાળા પસંદગી સમિતિ દ્વારા પસંદ કરવામાં આવેલ શાળાઓ ઉત્તમ કક્ષાની નિવાસની સુવિધાવાળી તથા ઉત્તમ કક્ષાના શિક્ષણની ગુણવત્તાની સુવિધા ધરાવતી હોવી જોઇએ. |
| ૬ | મુદ્દા નં. (૩) ના ત્રીજા પેરેગ્રાફ મુજબ પસંદગી પામેલ શાળાએ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ સાથે આ અંગેના સ્પષ્ટ MEMORENDUM OF UNDERSTANDING કરવાના રહેશે. | ટેલેન્ટ પૂલ પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલ શાળાએ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી સાથે આ અંગેના સ્પષ્ટ MEMORENDUM OF UNDERSTANDING કરવાના રહેશે. |

| | | |
|---|---|---|
| ૭ | મુદ્દા નં. (૩) ના ચોથા પેરેગ્રાફ મુજબ સબંધિત સંસ્થાએ વિદ્યાર્થીનો શૈક્ષણિક પ્રગતિ અહેવાલ દર ત્રણ માસે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ તથા તેના વાલીને મોકલવાનો રહેશે તથા નિયામકશ્રીની કચેરીએ દરેક વિદ્યાર્થીના પ્રગતિ અહેવાલની ફાઇલ નિભાવવાની રહેશે તેમજ સમયાંતરે વિદ્યાર્થીની કાર્યદક્ષતાનું મૂલ્યાંકન કરીને આનુષાંગિક પગલાંઓ લેવાના રહેશે. | આ યોજના હેઠળ પસંદગી પામેલ શાળાઓમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની કાર્યદક્ષતાનું સમયાંતરે મૂલ્યાંકન કરવા માટે સંસ્થાની મુલાકાત લેવી આવશ્યક છે. જેથી ટેલેન્ટ પુલમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ શૈક્ષણિક સંસ્થાએ વિદ્યાર્થીનો શૈક્ષણિક પ્રગતિ અહેવાલ દર ત્રણ માસે નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ હેઠળની જિલ્લા કચેરીઓને તથા વિદ્યાર્થીઓના પિતા/ વાલીને મોકલવાનો રહેશે તથા જિલ્લા કચેરીએ દરેક વિદ્યાર્થીઓના પ્રગતિ અહેવાલની ફાઇલ નિભાવવાની રહેશે. તેમજ સમયાંતરે વિદ્યાર્થીની કાર્યદક્ષતાનું મૂલ્યાંકન કરીને આનુષાંગિક પગલાંઓ લેવાના રહેશે. તથા તે મતલબનું પ્રમાણપત્ર નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને મોકલી આપવાનું રહેશે. |
| ૮ | મુદ્દા નં. ૪ (૭) વિચરતી અને વિમુકત જાતિના બાળકો પ્રથમ વર્ષે પ્રવેશ મેળવે ત્યારે તેઓનું શાળાના વાતાવરણમાં યોગ્ય સમાયોજન થાય તે ઘણું જરૂરી હોઇ શાળા શરૂ થવાના ૧૦ દિવસ પૂર્વે અને શાળા શરૂ થયાના ૧૦ દિવસ પછી એમ કુલ-૨૦ દિવસ વિશેષ પ્રકારનું એડજસ્ટમેન્ટ-કમ-કાઉન્સેલીંગ સેશન પેકેજ શાળા પૂરૂ પાડશે. | પ્રથમ સત્રના ૧૫ દિવસ બાળક શાળાના વાતાવરણમાં ભળે તે માટે શાળા/સંસ્થાએ જરૂરી કાઉન્સેલીંગ કરવાનું રહેશે. |

| | | |
|---|---|---|
| ૯ | મુદ્દા નં. ૪ (૮) વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ અને મૂલ્યાંકનનો વ્યક્તિગત પ્રગતિ અહેવાલ શાળા રજુ કરશે. | મુદ્દા નં. (૩) ના પેરેગ્રાફ – ૪ મુજબ આ શરત બેવડાય છે જેથી રદ કરવામાં આવે છે. |
| ૧૦ | મુદ્દા નં. ૪ (૯) ડે બોર્ડર તરીકે પસંદગી પામનાર વિદ્યાર્થીઓને શાળા દરમ્યાન શિક્ષણ કાર્ય, એકસ્ટ્રા કોચીંગ, પુસ્તકાલય સુવિધા સિવાયની તમામ સુવિધાઓ શાળા પુરી પાડશે. | ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયોમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તેના માટેની યોજના છે. જેથી ડે બોર્ડર માટેની આ શરત રદ કરવામાં આવે છે. |
| ૧૧ | મુદ્દા નં. ૪ (૧૧)<br><br>આ ઠરાવ બાબતે સ્પષ્ટતા મેળવવા અથવા કોઇ સમસ્યા ઉભી થાય તો તેનું નિરાકરણ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ કરવાનું રહેશે તથા જરૂર જણાયે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ વિભાગનું માર્ગદર્શન મેળવવાનું રહેશે.<br><br>મુદ્દા નં. ૧૪<br><br>આ અંગેની યોજના અંગે ચોક્કસ નિયમો તૈયાર કરી રાજ્ય સરકારશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે. | મુદ્દા નં. ૪ (૧૧) અને મુદ્દા નં. ૧૪ મર્જ<br><br>આ ઠરાવ બાબતે સ્પષ્ટતા મેળવવા અથવા કોઇ સમસ્યા ઉભી થાય તો તેનું નિરાકરણ તથા યોજનાનું સુવ્યવસ્થિત અમલીકરણ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ કરવાનું રહેશે. |
| ૧૨ | મુદ્દા નં. ૪ (૧૨) સંજોગોવસાત કોઇ વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષની અધવચ્ચેથી શાળા છોડી દે તો તેવા કેસમા સંસ્થાએ ડિપોઝીટની રકમ પરત કરવાની રહેશે અને બાકીની | સંજોગોવસાત કોઇ વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષની અધવચ્ચેથી શાળા છોડી દે તો તેવા કેસમાં શૈક્ષણિક તથા આવાસીય ખર્ચ વિદ્યાર્થીના વાલીએ ભોગવવાનો રહેશે. આ યોજના હેઠળ |

| | | |
|---|---|---|
| | રકમમાંથી ખરેખર ખર્ચ તેમના વાલીએ ભોગવવાનો રહેશે. | કોઇ પણ પ્રકારની સહાય મળવાપાત્ર રહેશે નહિ. |
| ૧૩ | મુદ્દા નં. ૪ (૧૩) પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીના શૈક્ષણિક વર્ષના અભ્યાસનું પુનરાવર્તન કરવું સંસ્થાને જરૂરી જણાય તો વિદ્યાર્થીના વાલીની પૂર્વ સંમતિથી સંસ્થા તે અંગેનો નિર્ણય લઇ શકે છે. | મુદ્દા નં. ૨ (૬) મુજબ દરેક શૈક્ષણિક વર્ષને અંતે વિદ્યાર્થીએ લઘુતમ ૬૦ ટકા માર્કસ સાથે ઉતિર્ણ થવાની જોગવાઇ છે. જેથી આ શરત રદ કરવામાં આવે છે. |
| ૧૪ | મુદ્દા નં. ૫ (૫)<br><br>વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૦૦૦/- ની મર્યાદામાં પુસ્તકો તથા સ્ટેશનરીનો ખર્ચ<br><br>મુદ્દા નં. ૫ (૬)<br><br>શાળાના નોમ્સ પ્રમાણે વિદ્યાર્થીઓને આપવાનો ખિસ્સા ખર્ચ અથવા માસિક રૂ.૨૫ વિદ્યાર્થી દીઠ (વેકેશન પીરીયડ સિવાય)<br><br>મુદ્દા નં. ૫ (૭)<br><br>રજા દરમ્યાન અથવા શિક્ષક સાથેની મીટીંગ માટે વિદ્યાર્થી તથા તેમના વાલીએ શાળાએથી ઘરે અને ઘરેથી શાળાએ આવવા-જવા માટેનો વાહન વ્યવહાર અંગેનો ખર્ચ (બે વખત)<br><br>મુદ્દા નં. ૫ (૮) | પુસ્તકો, સ્ટેશનરી, યુનિફોર્મ, નાઇટ સુટ, પથારી, પાગરણ, બુટ-મોજા અને શાળામાં સામાન્ય રીતે પહેરવાના જરૂરી કપડાનો ખર્ચ શાળા/સંસ્થાએ ભોગવવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| | યુનિફોર્મ, નાઇટ સુટ, પથારી, પાગરણ, બુટ-મોજા અને શાળામાં સામાન્ય રીતે પહેરવાના જરૂરી કપડા માટે પ્રથમ વર્ષે રૂ.૪૦૦૦/- અને પછીના વર્ષો દરમ્યાન રૂ.૨૦૦૦/- પ્રમાણે વિદ્યાર્થી દીઠ<br><br>મુદ્દા નં. ૫ (૯)<br><br>સાબુ, તેલ, કાંસકો, ટુથપેસ્ટ, બ્રશ વિગેરે સહિતની દૈનિક જરૂરિયાતોની કીટ માટે માસિક રૂ.૭૫/- પ્રમાણે વિદ્યાર્થી દીઠ (વેકેશન સિવાય) | |
| ૧૫ | મુદ્દા નં. ૫ (૧૧) ફી અને અન્ય ખર્ચનું ચુકવણું જુન અને ડિસેમ્બર એમ બે વખત અર્ધ વાર્ષિક હપ્તાઓમા કરવાનું રહેશે.<br><br>આમ છતા, શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જૂન માસમાં એડવાન્સમાં ચુકવણુ કરવાનુ રહેશે અને બાકી રહેતા ખર્ચનુ રીએમ્બસમેન્ટ કરવાનું રહેશે. | ફી અને અન્ય ખર્ચનું ચુકવણું બે વખત અર્ધ વાર્ષિક હપ્તાઓમાં કરવાનું રહેશે.<br><br>પ્રથમ હપ્તો શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એડવાન્સમાં ચુકવણું કરવાનું રહેશે અને બાકી રહેતા ખર્ચનું રીએમ્બસમેન્ટ કરવાનું રહેશે. |
| ૧૬ | મુદ્દા ન. ૫ (૧૨) ગંભીર પ્રકારની ગેરવર્તણૂકના કિસ્સા સિવાય શાળા વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરી શકશે નહિ અને પ્રવેશ રદ કરવાના કિસ્સામાં તેના વાલીને અન્ય શાળામાં પ્રવેશ અંગેની વ્યવસ્થા માટે પૂરતો સમય આપવાનો રહેશે. | જિલ્લા નાયબ નિયામક / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીની મંજૂરી વગર શાળા વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરી શકશે નહિ અને પ્રવેશ રદ કરવાના કિસ્સામાં તેના વાલીને અન્ય શાળામાં પ્રવેશ અંગેની વ્યવસ્થા માટે પૂરતો સમય આપવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| ૧૭ | મુદ્દા નં.૫ (૧૩) સાહસ અંગેના કાર્યક્રમો, પિકનિક, રમતગમતની ટુર્નામેન્ટ વગેરેમાં ભાગ લેવા માટે થનાર ખર્ચ અંગેનું ચુકવણું વિદ્યાર્થીના વાલીએ અલગ રીતે સીધુ સંસ્થાને કરવાંનું રહેશે. | મુદ્દા નં. ૪(૩) ની જોગવાઇ સાથે વિસંગત હોય રદ કરવામાં આવે છે. |

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૫/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે. પાઠક

(યુ. કે. પાઠક)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૯) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૦) સિલેક્ટ ફાઇલ